પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૨ ૧૧ જાન્યુઆરી, ૨૦૧૮, ગુરૂવાર ; પોષ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મોદી ૨૨મીએ ટ્રમ્પને મળશે

સ્વીટઝરલેન્ડમાં યોજાનાર વર્લ્ડ ઈકોનોમી ફોરમમાં હાજરી આપવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જઈ રહ્યા છે. જ્યાં તેઓ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની સાથે મુલાકાત કરશે.

### ભ્રષ્ટ્રાચાર મામલે કેરાલાના સીએમ સામે સુપ્રિમમાં અરજી

લવલીન ભ્રષ્ટાચારના મામલે સીબીઆઈએ કેરાલાના મુખ્યમંત્રી વિરૂદ્ધ સુપ્રિમમાં અરજી કરી છે. જેની સુનવણી આજે થશે. હાઈકોર્ટે પુરાવાના અભાવે સીએમને દોષમુક્ત કર્યા છે.

### ચલણી સીક્કા બનાવવા સ્થગીત

ચલણી સીક્કા ખુબ વધી જતાં હાલ પુરતા તેનુ પોડક્શન સ્થગીત કરાયુંછે. રીઝર્વ બેંકે તત્કાલ અસરથી આ નિર્ણય લઈ દેશમાં ચાર સ્થળોએ બનાવાતા સીક્કાના પોડક્શન કાર્યને સ્થગીત કરી દીધુ છે.

### ઈસરો આજે ૧૦૦મો સેટેલાઈટ લોન્ચ કરશે

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) શુક્રવારે પોતાના દ્વારા બનાવવામાં આવેલો ૧૦૦મો સેટેલાઈટ લોન્ચ કરશે. આ ઉપરાંત તેઓ આ સિંગલ મિશનથી ૩૦ વધુ સેટેલાઈટ મોકલશે, જેમાં ૨૮ વિદેશી હશે. આ બીજી તક છે કે જ્યારે એક સાથે આટલાં બધા સેટેલાઈટ મોકલી રહ્યાં છે.

# એફડીઆઈના નિયમો હળવા કરાયા

**વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની મિટિંગમાં નિર્ણય : સિંગલ બ્રાન્ડ રિટેલ અને કન્સ્ટ્રક્શનમાં ૧૦૦ ટકા એફડીઆઈને લીલીઝંડી મળી : એર ઇન્ડિયામાં ૪૯ ટકા રોકાણને મંજુરી : એર ઇન્ડિયામાં વિદેશી એરલાઈન્સો હવે મૂડીરોકાણ કરી શકશે**



નવી દિલ્હી,તા. ૧૦

ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ના નિયમોમાં મોટા ફેરફારને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. કેબિનેટે આને લીલીઝંડી આપી હતી. આમા સિંગલ બ્રાન્ડ રિટેલમાં ઓટોમેટિક રુટથી ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી છે. પહેલા ૪૯ ટકા સુધી રોકાણને મંજુરી હતી. તેના ઉપરના મૂડીરોકાણ માટે સરકારની મંજુરી લેવાની જરૂર હતી. ઉડ્ડયન કન્ટ્રક્શનના સેકટરમાં પણ એફડીઆઈના નિયમોમાં છુટછાટ આપવામાં આવી છે. કન્ટ્રક્શન સેક્ટરમાં ઓટોમેટિક રુટથી ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી છે. બીજી બાજુ એરઈન્ડિયા માટે ૪૯ ટકા રોકાણને મંજુરી આપવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે, આમા એર ઈન્ડિયામાં ડિસઈન્વેસ્ટમેન્ટ કરવામાં સફળતા મળશે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, એર ઈન્ડિયાની મોટી હિસ્સેદારી ભારતીય નાગરિક ઉડ્ડયનના હાથમાં

● અનુસંધાન પાન-૭ પર

# વર્ષ ૨૦૧૭માં પાકના ૧૩૮ જવાનો ઠાર

**ભારતીય સેનાને મોટી સફળતા : અંકુશરેખા ઉપર સામ સામે તીવ્ર ગોળીબાર તેમજ અન્ય ઓપરેશનમાં ભારતીય સેનાએ ૨૮ જવાનો ગુમાવ્યા છે**



નવીદિલ્હી,તા. ૧૦

ભારતીય સેનાએ વર્ષ ૨૦૧૭માં જુદા જુદા ઓપરેશનમાં ૧૩૮ પાકિસ્તાની જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા છે. સરકારી ઈન્ટેલીજન્સ સુત્રોએ આજે આ મુજબની માહિતી આપી હતી. અંકુશરેખા ઉપર સામસામે ગોળીબાર અને અન્ય ઓપરેશનમાં વર્ષ ૨૦૧૭માં ભારતીય સેનાએ ૧૩૮ પાક જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા છે. બીજી બાજુ એલઓસી ઉપર આજ ગાળા દરમિયાન ભારતીય સેનાએ ૨૮ જવાનો ગુમાવ્યા છે. સત્તાવાર સૂત્રોના કહેવા મુજબ પાકિસ્તાની સેના સામાન્યરીતે પોતાના જવાનો અને પોતાના કર્મચારીઓના મોતના અહેવાલને સ્વિકારતી નથી. તેમને ચોક્કસ કેસોમાં નાગરિક ખુવારી તરીકે ગણાવી દે છે.

● અનુસંધાન પાન-૭ પર

# આવકવેરા મુક્તિ મર્યાદા ત્રણ લાખ કરવાની તૈયારી

**ટેક્સ સ્લેબમાં ધરખમ ફેરફારની સંભાવના : મોદી સરકારની વર્તમાન અવધિના અંતિમ પૂર્ણ બજેટમાં પાંચ લાખથી ૧૦ લાખની વાર્ષિક આવકને ૧૦ ટકાની ટેક્સ હદમાં લવાય તેવી પણ સંભાવના**

નવી દિલ્હી,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર આગામી બજેટમાં મધ્યમ વર્ગને મોટી રાહત આપવા વિચારી રહી છે. વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં સરકાર છુટછાટ માટેની મર્યાદાને વધારી દેવાની સાથે સાથે ટેક્સ સ્લેબમાં પણ છુટછાટ આપવા વિચારણા કરી શકે છે. નાણાં મંત્રાલય વ્યક્તિગત આવકવેરા મુક્તિ મર્યાદાને અઢી લાખથી વધારીને ત્રણ લાખ કરી શકે છે. જો કે છુટછાટને વધારીને પાંચ લાખ રૂપિયા કરવાની માંગ પણ થતી રહી છે. મોદી સરકાર અંતિમ બજેટ રજૂ કરનાર છે. બીજી બાજુ સરકાર લિસ્ટેડ સિક્યુરિટી પર શોર્ટટર્મ કેપિટલ ગેઈન માટે હોલ્ડિંગ ગાળાને લંબાવીને ત્રણ વર્ષ કરવાથી સીધો ફાયદો આની સાથે જોડાયેલા લોકોને થઈ શકે છે. આની સાથે જ ઈક્વિટીમાં ટેક્સ ટ્રેટમેન્ટમાં કેટલાક અન્ય સંપત્તિ વર્ગની સાથે લાવવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે.

કેપિટલ માર્કેટ અથવા તો મૂડી માર્કેટ માટે બજેટમાં જુદા જુદા પગલા પર વિચારણા કરવામાં આવી રહી છે. આ વિચારણા પૈકી એક યોજના શોર્ટટર્મ કેપિટલ ગેઈન ટેક્સ માટે અવધિને વધારવાની પણ છે. ફેબ્રુઆરી મહિનામાં રજૂ કરવામાં આવનાર બજેટ મોદી સરકારનુ અંતિમ પૂર્ણ બજેટ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં સામાન્ય બજેટ મોદી સરકારની વર્તમાન અવધિનું અંતિમ પૂર્ણ બજેટ રહેશે.

આ બજેટમાં સરકાર મધ્યમવર્ગ જેમાં ખાસ કરીને પગારદાર વર્ગ આવે છે તેને મોટી રાહત આપવા ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. સરકાર ઈચ્છે છે કે, આ વર્ગને રિટેલ ફુગાવાના પ્રભાવથી રાહત મળે. એટલે કે છુટક મોંઘવારીની અસર મધ્યમવર્ગને ન થાય તેની ખાતરી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. સુત્રોના કહેવા મુજબ નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર સામાન્ય બજેટમાં ટેક્સ સ્લેબમાં વ્યાપક ફેરફાર કરી શકે છે. પાંચથી ૧૦ લાખ રૂપિયાની વાર્ષિક આવકને ૧૦ ટકા ટેક્સની હદમાં લાવવામાં આવી શકે છે જ્યારે ૧૦થી ૨૦ લાખ રૂપિયાની આવક પર ૨૦ટકા તથા ૨૦ લાખ રૂપિયાથી વધુની આવક પર ૩૦ ટકાના દરે કરવેરા લાગૂ કરવાની તૈયારી છે.

### ભારતમાં ૭.૩ ટકા વિકાસ દરની ક્ષમતા છે : વર્લ્ડ બેંક

નવી દિલ્હી,તા. ૧૦

હાલમાં જ સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં વિકાસ દરનો અંદાજ ઘટાડી દેવામાં આવ્યા બાદ ચારેબાજુથી ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી મોદી સરકારને મોટી રાહત મળી છે. કારણ કે વર્લ્ડ બેંકે કહ્યુ છે કે ભારતમાં મોટી ક્ષમતા રહેલી છે. વર્ષ ૨૦૧૮માં વિકાસ દર ૭.૩ ટકા રહી શકે છે. વર્લ્ડ બેંકે કહ્યુ છે કે આ મહત્વકાંક્ષી સરકારમાં થઈ રહેલા વ્યાપક સુધારા ઉપાયની સાથે સ્થિતીમાં સુધારો થઈ શકે છે. બીજી ઉભરતી અર્થવ્યવસ્થાની તુલનામાં વિકાસ દર વધારે રહી શકે છે. વર્લ્ડ બેંકે આજે વર્ષ ૨૦૧૮ માટે ભારતના વિકાસ દર ૭.૩ ટકા રહેવાનો અંદાજ મુકી દીધો છે.



પતંગોત્સવ : રાજ્યના વિવિધ શહેરોમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ઉજવાઈ રહ્યો છે.... વિદેશના ૪૪ પતંગબાજો ગુજરાતના વિવિધ શહેરોમાં અવનવા પતંગો ઉડાડી અનોખુ નિદર્શન કરે છે... પાલનપુર, ખંભાત, ગાંધીધામ, મોડાસા, જેવા શહેરોમાં પતંગોત્સવ માણવા મોટી સંખ્યામાં પતંગરસિયાઓ ઉમટે છે... રીવરફ્રન્ટ ખાતે પતંગોત્સવના પ્રારંભે દેશ-વિદેશના પતંગબાજોએ અવનવા પતંગ ઉડાડવાની કળા પ્રદર્શિત કરી હતી...

# બેનામી સંપત્તિની લેવડદેવડ કરનારને સાત વર્ષની જેલ અને દંડ

**આવકવેરા વિભાગે બેનામી સંપત્તિથી દૂર રહેવા ચેતવણી આપી**

ન્યુ દિલ્હી,તા.૧૦

કેન્દ્ર સરકાર કાળા નાણાં અને બેનામી સંપત્તિ સામેની ઝુંબેશને વધુને વધુ તીક્ષણ બનાવી રહી છે. આ ઝુબેશના ભાગરૂપે જ આવકવેરા વિભાગે લોકોને બેનામી સંપત્તિથી દૂર રહેવા ચેતવણી આપી છે. આવકવેરા વિભાગે જણાવ્યું છે કે બેનામી સંપત્તિની લેવડદેવડથી દૂર રહો, નહીં તો નવા કાયદા હેઠળ સાત વર્ષની જેલ અને દંડ થઈ શકે છે.

આવકવેરા વિભાગે મોખરાના સમાચારપત્રોમાં બેનામી સંપત્તિની લેવડદેવડથી દૂર કહો શીર્ષક હેઠળ જાહેરાતો પ્રસિદ્ધ કરી છે. જાહેરાતોમાં કાળા નાણાંને માનવતા વિરુદ્ધનો ગુણો ગણાવવામાં આવ્યો છે. આવકવેરા વિભાગે જાહેરાતોમાં આમ આદમીને કાળા નાણાંને પહોંચી વળવા માટે સરકારને મદદ કરવાનો અનુરોધ પણ કર્યો છે.

આવકવેરા વિભાગે વધુમાં જણાવ્યું છે કે બેનામીદાર (જેના નામે બેનામ સંપત્તિ રજિસ્ટર છે), લાભાર્થી (જેણે તેની કિંમત ચુકવી છે) અને આવા લોકો બેનામી લેવડદેવડ કરે છે, તેમને સાત વર્ષની જેલની આકરી સજા થઈ શકે છે અને બેનામી સંપત્તિના બજાર મૂલ્યના ૨૫ ટકા દંડ થઈ શકે છે. આવકવેરા વિભાગે ૧ નવેમ્બર ૨૦૧૬થી ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં રૂ. ૧,૮૩૩ કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરી છે.




# હવે અટલજી-અડવાણીવાળી ભાજપ નથી : યશવંત સિંહા

મુંબઈ,તા.૧૦

ભાજપ સરકારે તેની વારંવારની નવી નવી નીતિઓથી માત્ર દેશની જનતાને જ નહિ પરંતુ તેના મોવડીઓને પણ નારાજ કર્યા છે. પક્ષની ગરિમા અને શિસ્ત જાળવવા અત્યાર સુધી ચૂપ બેસી રહેલા પાર્ટીના પૂર્વ નેતાઓએ તેમના અંગત મંતવ્યો અને વિચારો હવે ખુલ્લેઆમ રજૂ કરવા માંડ્યા છે. એક સમયના ભાજપાના કદાવર ગણાતા નેતા અને દેશના પૂર્વ નાણામંત્રી યશવંત સિન્હાએ મુંબઈમાં એક મહત્વપૂર્ણ નિવેદન આપતા કહ્યું હતું કે, ભાજપ પૂરી રીતે બદલાઈ ગયું છે. આ અટલ અને અડવાણીવાળી ભાજપા જણાતી નથી. સાત સાત વાર નાણામંત્રી રહી ચૂકેલા મારા જેવા મંત્રીઓને મળવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાસે સમય નથી. અમે ૧૩ મહિના પહેલા તેમની પાસે તેમને મળવાનો સમય માગ્યો હતો જે હજી સુધી મળ્યો નથી.

એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, 'પાર્ટીની કાર્યશૈલી પૂરી રીતે બદલાઈ ગઈ છે. જૂના કાર્યકર્તાઓ દુખી છે. હવે તેઓ તેમના ઉચ્ચ નેતાઓ સાથે મળી શકતા નથી જે બહુ જ દુખદ વાત છે.

### લાલૂની સેવા કરવા બે સાથી જેલમાં પહોંચ્યા

નવીદિલ્હી,તા. ૧૦

ઘાસચારા કૌભાંડમાં સજા કાપી રહેલા આરજેડીના વડા લાલૂ યાદવના બે સહાયક જેલમાં મદદ કરવા માટે પહોંચી ચુક્યા છે. આ બંને સહાયકોએ એક બનાવટી મામલામાં શરણાગતિ સ્વીકારીને પોતાને એજ દિવસે પકડાવીને જેલમાં પહોંચી ગયા હતા. જે દિવસે લાલૂ યાદવને સજા કરવામાં આવી હતી તે જ દિવસે આ લોકોએ પોતાને બોગસ મામલામાં ફસાવી લઈને જેલ ભેગા થવાની રણનીતિ અપનાવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

### ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

**વાર્ષિક સાધારણ સભા**

આથી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટની વાર્ષિક સભાની મિટીંગ તા. ૧૩/૧/૨૦૧૮ને શનિવારના રોજ બપોરના ૨.૩૦ કલાકે શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે નીચેના કામો સારૂ મળશે. જેથી જિલ્લાના સર્વે હોદ્દેદારશ્રીઓ, આગેવાનો, સભાસદો, યુવા સંગઠનો તથા મહિલા સંગઠનોને અચૂક હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા :**

(૧) વર્ષ : ૨૦૧૬-૧૭ના હિસાબો વંચાણે લેવા બાબત.
(૨) નવા હોદ્દેદારશ્રીઓની નિમણૂંક કરવા બાબત.
(૩) આગામી સમૂહ લગ્નની ચર્ચા કરવા બાબત.
(૪) પ્રમુખશ્રી તરફથી રજૂઆત થાય તે.

**ગોલ વિક્રમસિંહ સરદારસિંહ** – પ્રમુખ
**વાઘેલા મહેન્દ્રસિંહ અસરસિંહ** – મહામંત્રી
**તથા તમામ હોદ્દેદારશ્રીઓ**